Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:3.021 website: www.researchguru.net
Volume-12, Issue-1, June-2018

# સાબરમતી આશ્રમ : ઐતિહાસિક વિહંગાવલોકન

Dr.Zenamabibi Amumiya Kadari
ડો.ઝેનામાબીબી અમુમીયાં કાદરી
આસિ. પ્રોફેસર - ઇતિહાસ
મહાદેવ દેસાઇ ગ્રામસેવા સંકુલ- રાંધેજા. ગૂજરાત વિદ્યાપીઠ.
જિ.ગાંધીનગર – 382620 મો.નં- 9904673726 , 8141393046.
ઇ-મેઇલ- zkadari@gmail.com

આખા વિશ્વનાં ઇતિહાસને જેણે અનોખુ પ્રદાન કર્યુ અને આખી દુનિયાએ જેની આ યુગની અપુર્વ અને અનોખી વ્યક્તિ તરીકે વંદના કરી તે મહાત્માની આ ભૂમી એટલે અમદાવાદમાં સાબરમતીને તીરે આવેલ સત્યાગ્રહઆશ્રમ. ૯ જાન્યુઆરી ઇ.સ. ૧૯૧૫માં ગાંધીજી ભારતમાં આવ્યા અને એક વર્ષ દેશાટન કરીને તેમણે દેશની પરિસ્થિતિ નિહાળી. ભારતમાં આવ્યા બાદ ક્યાં વસીને કાર્ય આરંભ કરવો તે મોટો પ્રશ્ન હતો. તેમણે ગુજરાતમાં અમદાવાદને પોતાની કર્મભૂમિ બનાવી. તા. ૧ ફેબ્રુઆરી ૧૯૧૫નાં રોજ તેઓ અમદાવાદ આવ્યા. ગાંધીજીનાં જ શબ્દોમાં કહીએ તો "અમદાવાદ ઉપર મારી નજર ઠરી હતી. હું ગુજરાતી હોવાથી ગુજરાતી ભાષા મારફતે દેશની વધારેમાં વધારે સેવા કરી શકીશ એમ માનતો હતો. અમદાવાદ પૂર્વે હાથવણાંટનું મથક હોવાથી રેંટિયાનુ કામ અહીંજ વધારે સારી રીતે થઇ શકશે એવી પણ માન્યતા હતી. ગુજરાતનુ પાટનગર હોવાથી અહીંનાં ધનાઢ્ય લોકો ધનની વધારે મદદ દઇ શકશે એ પણ આશા હતી."1

**કોચરબ આશ્રમ:-**

તા. ૨૫મી મે, ૧૯૧૫નાં રોજ અમદાવાદના કોચરબમાં બેરિસ્ટર જીવણલાલ વ્રજરાય દેસાઇનાં મકાનમાંજ "સત્યાગ્રહાશ્રમ" સ્થાપ્યો. આફ્રીકાની ધરતી પર 'સત્યાગ્રહ' નામનાં શબ્દનો જન્મ થયો હતો. તેથી આ આશ્રમનુ નામ 'સત્યાગ્રહ આશ્રમ' પાડવામાં આવ્યુ.2 ખુબ સાદગી ભર્યુ જીવન તેમજ પોતાના રોજીંદા કામો જાતેજ કરી લેવા વગેરે અનેક બાબતોથી તેમના પ્રત્યે ધીમે-ધીમે લોકોનુ ધ્યાન ખેંચાવા લાગ્યુ. અમદાવાદમાં મીલ મજૂરોનું આંદોલન ચાલુ હતુ એ દરમ્યાન જ કોચરબમાં મરકી (પ્લેગ)નો રોગ ફેલાયો. છેવટે ગાંધીજીએ પુંજાભાઇ હીરાચંદને આશ્રમ માટે નવી જગ્યાએ જમીન શોધી લાવવાનુ કામ સોંપ્યુ અને તેમણે તે બીડું ઝડપ્યુ. હાલમાં જે જગ્યાએ આશ્રમ સ્થિત છે તે જમીન તેઓ શોધી લાવ્યા.

**સાબરમતી આશ્રમની સ્થાપના:-**

૧૭મી જૂન ૨૦૧૭નાં રોજ સાબરમતી આશ્રમે ૧૦૦ વર્ષ પૂર્ણ કર્યા છે. તા. ૧૧મી ડિસેમ્બર ૧૯૧૬નાં રોજ સાબરમતી આશ્રમની જમીનનો સૌથી પહેલો ટુકડો ખરીદવાનાં

બાનાખત માટે સ્ટેમ્પખરીદવામાં આવ્યો હતો, ત્યારબાદ ચર્ચા વિચારણા અને દસ્તાવેજની વિધિ બાદ તા. ૧૭મી જૂન ૧૯૧૭ રવિવારનાં રોજ સાબરમતી આશ્રમની સ્થાપના થઇ.3 આશ્રમની અડોઅડ દક્ષિણ છેડે દૂધેશ્વરનુ મંદિર, સામે કાંઠે અમદાવાદ શહેરનો મુખ્ય સ્મશાન ઘાટ અને ઉત્તરે એકાદ માઇલ દૂર અમદાવાદની મુખ્ય જેલ હતી. લોકોમાં એવી કિવદંતી હતી કે, ગાંધીજીએ જ્યાં આશ્રમ સ્થાપયો હતો ત્યાંજ પૌરાણીક કાળમાં દધીચિ ઋષિનુ આશ્રમ હતુ. ગાંધીજી ઘણીવાર કહેતા કે, આપણી એક તરફ જેલ છે, બીજી તરફ સ્મશાન છે એટલે અહીંનાં બાળકોને જેલ કે સ્મશાનનો ભય રહેવાને કારણ નથી. આમ, આનંદ અને અભય એ સાબરમતી આશ્રમનાં બે સ્થાયી ભાવ હતા.

મહાદેવભાઇ દેસાઇ અને દુર્ગાબહેન આશ્રમમાં આવીને વસ્યા, નરહરિભાઇ અને મણીબહેન પહેલા આવી ગયા હતા. એ સમયે આશ્રમમાં કૂવો ન હતો. કૂવો ખોદવાનુ શરૂ કર્યુ જેમાં છ મહીનાનો સમય લાગ્યો હતો. શરૂઆતમાં મકાનો કાચા હતા. એ સમયનાં ચોમાસાનુ વર્ણન મણીબહેને ખુબ સુંદર કર્યુ છે. ત્યારબાદ બાપુને લાગ્યુ કે, મજુરો સાથે કામ કરીને વહેલીતકે મકાન તૈયાર કરવુ પડશે. એ વખતે મીલમજૂરોની હડતાળ દરમ્યાન ગાંધીજીએ હડતાળ પર ઉતરેલા મજૂરોને આશ્રમમાં બની રહેલા નવાં મકાનો માટે રેતીની પૂરવણીનું કામ સોંપ્યુ હતુ. જેમા એક તગારા રેતીનાં બે પાઇ ચૂકવવામાં આવતા.

સાબરમતી આશ્રમમાં પૂર્વમાં સાબરમતી નદી, પશ્ચિમમાં રસોડાંની પાછળ થઇ ને ચંદ્રભાગાને મળતુ વાંધુ, ઉત્તરમાં ઇમામ મંઝિલ અને ગૌશાળા તથા દક્ષિણે શાળાનો ડેલો અને છાત્રાલય, નંદિની, મીરાં કુટિર, હ્યદયકુંજ, મગનનિવાસ, ગૌશાળા આ મકાનો નદી કિનારે હતા. શાળાનાં મકાનોમાં શિક્ષક નિવાસની બે ચાલીઓ,છાત્રાલય, રસોડું અને વ્યાયામ શાળા એટલાજ મકાનો હતા. શાળાનાં ડેલાની ઉત્તરે નાનો પણ સુંદર બગીચો હતો. ઇ.સ. ૧૯૨૦ દરમ્યાન આશ્રમની વસતિ માત્ર પોંણાસો માણસોની જ હતી. જે દસ વર્ષમાં વધીને ત્રણસોં માણસોની થઇ હતી. સમગ્ર આશ્રમ માટે એક રસોડું કરવામાં આવ્યુ ત્યારે નાસ્તામાં આશ્રમમાં જ બનાવેલી પાંઉ-રોટીનાં બે કટકા અને એક વાટકો ધી માં શેક્યા વગરની ઘંઉ ના લોટની રાબ મળતી કે જેમાં ગોળ નાખવામાં આવતો હતો.4

એ સમયે સમગ્ર ગુજરાતમાં એકજ રાષ્ટ્રીય શાળા હતી જે આશ્રમમાં હતી, તેના પાઠય પુસ્તકો રચાયા ન હોવાથી સરકારી શાળાનાં પાઠય પુસ્તકો જ ચાલતા. આશ્રમની શાળા સ્વતંત્ર, રાષ્ટ્રીય અને પ્રયોગ લક્ષી શાળા હતી. શાળાનો સમય સવારે સાડા સાત થી સાડા દસ અને બપોરે સાડા બાર થી સાડા ચારનો હતો. ઉનાળામાં સવારે વણાંટકામ અને બપોરે ભણતર તથા ચોમાસામાં સવારે ખેતીકામ અને બપોરે ભણતર એવો ઉદ્યોગ મિશ્રિત અભ્યાસક્રમ ગોઠવાયો હતો. પંડિત નારાયણ મોરેશ્વર ખરે સંગીતનાં શિક્ષક હતા. તેઓ સવારે ચાર વાગ્યાની અને સંધ્યાકાળની ૭ વાગ્યાની ઉપાસનાનો આરંભ કરતા.

**સાબરમતી આશ્રમના સ્મારકો:-**

હાલનાં અમદાવાદનાં આશ્રમ રોડ પર વાડજ થી સુભાષ સર્કલ જતાં સાબરમતી આશ્રમ આવે છે. વર્તમાન સમયમાં આ આશ્રમને' ગાંધી આશ્રમ' તરીકે ઓળખવામાં આવે છે. ઇ.સ. ૧૯૧૭ થી ૧૨મી માર્ચ ૧૯૩૦ સુધી ગાંધીજી આ આશ્રમમાં વસ્યા હતા. જે એક રાષ્ટ્રીય સ્મારક તરીકે દેશ-વિદેશમાં ખ્યાતિ પામેલ છે. સુ.શ્રી.ઇલાબેન ભટ્ આશ્રમ ટ્રસ્ટનાં પ્રમુખ છે. આશ્રમની મુલાકાતનો સમય સવારે સાડા આઠ થી સાંજનાં સાડા છ સુધીનો છે. આ આશ્રમની મુલાકાત માટે કોઇપણ પ્રકારની ફી લેવામાં આવતી નથી અને આશ્રમ વર્ષ દરમ્યાન ખુલ્લુ જ રહે છે.

**મગન નિવાસ:-**

મગનલાલભાઇ ગાંધીજીનાં ભત્રીજા હતા અને દક્ષિણ આફ્રિકાથી એમની સાથે જ હતા. આશ્રમનાં વહિવટમાં તેઓ વ્યવસ્થા લાવતા. નિયમોમાં શિસ્ત દાખલ કરતા અને ઉદ્યોગોમાં વૈજ્ઞાનિકતા લાવતા તેથીજ તેઓ 'આશ્રમનાં પ્રાણ' કહેવાયેલા.5 તેમનુ ઇ.સ. ૧૯૨૮માં અકાળે અવસાન સમયે બાપુને ખુબ આઘાત લાગ્યો હતો.

**હૃદયકુંજ:-**

આશ્રમમાં ગાંધીજીનુ નિવાસસ્થાન. કાકાસાહેબ કાલેલકરે 'હ્રદયકુંજ' નામ આપ્યુ. ગાંધીજી અને કસ્તુરબા અહીં ઇ.સ. ૧૯૧૮ થી ૧૯૩૦ સુધી રહ્યા. અહીં દેશ વિદેશના અનેક લોકો તેમને મળવા આવતા. ૧૨મી માર્ચ ૧૯૩૦નાં રોજ સવિનય કાનૂનભંગની લડત માટે દાંડીકૂચ અહીંથી આરંભી ત્યારે ગાંધીજીએ પ્રતિજ્ઞા કરી કે 'કાગડા કૂતરાના મોતે મરીશ પણ સ્વરાજ્ય લીધા વિના આ આશ્રમમાં પગ નહીં મૂકુ.' ૩૦મી જાન્યુઆરી ૧૯૪૮ માં દિલ્હી મુકામે મૃત્યુ પામ્યા ત્યાં સુધી તેઓ ફરી આ આશ્રમમાં આવ્યા નથી. અહીં છ ઓરડા છે, જેમાં ગાંધી અને કસ્તુરબાનાં ઓરડા, રસોડું, સ્ટોરરૂમ, અતિથીરૂમ, સેક્રેટરીએટ છે જેમાં તેમની વસ્તુઓ, ચરખો અને રાઇટીંગ ટેબલ રાખવામાં આવેલ છે.6

**વિનોબા કુટિર:-**

વિનોબાભાવે ઇ.સ. ૧૯૧૮ થી ૧૯૨૧ સુધી સત્યાગ્રહી તરીકે અહીં રહ્યા હતા. તેમણે જ પછીથી ભારતમાં ભૂ-દાન આંદોલન શરૂ કર્યુ હતુ.

**મીંરા કુટિર:-**

મેડેલિન સ્લેડ બ્રિટિશ એડમિરલના પુત્રી હતા. ૭મી નવેમ્બર ૧૯૨૫નાં રોજ તેઓ આશ્રમમાં આવ્યા.7 ગાંધીજીએ તેમને 'મીરા' નામ આપ્યુ. ઇ.સ. ૧૯૨૫ થી ૧૯૩૩ સુધી પાકા આશ્રમવાસી બનીને તેઓ અહીં રહ્યા હતા.

**નંદિની:-**

આ મહેમાન ગૃહ છે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય નેતાઓ અને મુલાકાતીઓ અહીં રહી ચુક્યા છે. રવિન્દ્રનાથ ટાગોર, પંડિત જવાહરલાલ નહેરૂ, ડો. રાજેન્દ્ર પ્રસાદ, રેનોલ્ડ, એન્ડ્રુઝ, હેન્નરી પોલાક, મૌલાના અબુલ કલામ આઝાદ વગેરે જેવા નેતાઓ આ મહેમાન ગૃહનાં અતિથી બન્યા હતા.

**ઉદ્યોગ મંદિર:-**

આશ્રમમાં શરૂઆતમાં જે નાનકડા ઓરડામાં ગાંધીજી રહેતા હતા ત્યાં ઇ.સ. ૧૯૧૮માં અમદાવાદ મીલમજૂર આંદોલન વખતે' ઉદ્યોગ મંદિર'ની શરૂઆત કરવામાં આવી હતી. તે મજૂરોનાં સ્વાવલંબન અને ગૌરવનુ પ્રતિક બન્યુ અને 'ખાદી દ્વારા સ્વરાજ' નો સંદેશ દેશભરમાં ગૂંજતો થયો.

**સોમનાથ છાત્રાલય:-**

આ ઇમારતનો ઉપયોગ નિવાસસ્થાન તરીકે કરવામા આવતો હતો. આશ્રમશાળાનાં વિદ્યાર્થીઓ, સ્વદેશી અને રચનાત્મક કાર્ય કરનારા કાર્યકર્તાઓ અહીં રોકાતા હતા. તેઓ સમૂહ રસોડું અને આશ્રમનાં નિયમોનુ પાલન કરતા હતા.

**ઉપાસના મંદિર, પ્રાર્થના ભૂમિ:-**

પ્રાર્થના ગાંધીજી માટે આશ્રમ જીવનનો અગત્યનો ભાગ હતી. આ સ્થળે દરરોજ સવારે અને સાંજે 'આશ્રમ ભજનાવલી' માંથી પ્રાર્થના કરવામાં આવતી હતી. આજે પણ આશ્રમમાં નિયમિત પ્રાર્થના કરવામાં આવે છે.

**ગાંધી મેમોરિયલ મ્યુઝિયમ:-**

૧૦મી મે ૧૯૬૩નાં રોજ ભારતનાં પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરૂ દ્વારા 'ગાંધી મેમોરિયલ મ્યુઝિયમનું ઉદ્ઘાટન કરવામાં આવ્યુ.' ચાર્લ્સ કોરિયા' દ્વારા આ ઇમારતની ડિઝાઇન તૈયાર થઇ છે. જેમાં ત્રણ વિભાગો છે.

**(૧) અમદાવાદ ગેલેરી**

ગાંધીજી ૧લી ફેબ્રુઆરી ૧૯૧૫નાં રોજ અમદાવાદ આવ્યા અને પંદર વર્ષ સુધી અમદાવાદમાં રહ્યા અને દાંડીયાત્રા માટે આશ્રમથી નિકળ્યા. આ ગેલેરીમાં પચાસ જેટલા હાથથી દોરેલા પેનલ્સનો સમાવેશ થાય છે. જે ગાંધીજીના જીવનની મુખ્ય ઘટનાઓ દર્શાવે છે.

**(૨) પેઇન્ટીંગ ગેલેરી:-**

ઇ.સ. ૧૯૬૦માં ચંદુલાલ શાહ અને હીરાલાલ ખત્રી દ્વારા આ આઠ ચિત્રો તૈયાર કરાયા હતા. તેઓ ટેક્ષટાઇલ વેપારીઓ અને કુશળ કલાકારો હતા. તેમણે ગાંધીજીનાં વિવિધ રૂપો, વિવિધ કાર્ય કરતા હોઇ એ પ્રમાણે દર્શાવ્યા છે. આશ્રમને આ પેઇન્ટીંગ્ઝ દાનમાં આપવામાં આવી છે. શ્રી રાજકિશોર કપુર દ્વારા બનાવવામાં આવેલુ ગાંધીજીનુ ચિત્ર ખુબ આકર્ષક છે. જે અખરોટ અને મગફળીનાં છોલથી બનાવવામાં આવેલ છે.

**(3) 'મારુ જીવન એજ મારો સંદેશ' ગેલેરી:-**

સાત વિભાગોમાં ગાંધીના જન્મથી માંડીને આફ્રીકાની ચળવળો, ભારતમાં આઝાદીની ચળવળ અને છેલ્લે દિલ્હીમાં તેમના અવસાન સુધીની ૨૫૦ થી વધુ તસ્વીરો પ્રદર્શિત કરવામાં આવી છે. એક ઓરડામાં આશ્રમનુ ગ્રંથાલય પણ કાર્યરત છે.

**(૪) ગાંધી સ્મારક સંગ્રહાલય:-**

આ મ્યુઝિયમને પર્સોનેલિયા મ્યઝિયમનાં પ્રકારમાં મુકી શકાય,8 કારણકે, તેમાં ફક્ત ગાંધીજીની તસ્વીરો, ગાંધીજી વિશેનુ સાહિત્ય અને તેમના જીવનકાળ દરમ્યાન તેમના અવશેષો એટલે કે, તેમની અંગત વસ્તુઓ પ્રદશિત કરેલ છે. આ ઉપરાંત વિડિયો અને ઓડિયો કેસેટસ પણ બનાવવામાં આવેલ છે. વિવિધ દેશો તરફથી મળેલા સન્માનપત્રો, ટપાલ ટિકિટો, ગાંધીની ડાયરીઓ, પત્રોની નકલો અહીં સંગ્રહિત છે.

હાલ અમદાવાદ શહેરને વર્લ્ડ હેરિટેજ સિટીનુ સન્માન પ્રાપ્ત થયુ છે. અહીં સલ્તનતકાલીન, મુઘલકાલીન, મરાઠા સમયનાં અવશેષોની સાથે અમદાવાદમાં ભારતની રાષ્ટ્રીય ચળવળનાં અગ્રણી નેતા પૂજ્ય મહાત્મા ગાંધીના સંસ્મરણો પણ જળવાઇ રહ્યા છે. કોચરબ આશ્રમ, સાબરમતી આશ્રમ (ગાંધી આશ્રમ, હરિજન આશ્રમ10), દાંડીપુલ વગેરે સ્મારકો અડીખમ ઉભા છે. આશ્રમની સાથે ગૌશાળા પણ જોડાયેલી છે. ગાંધીજીએ અમદાવાદને પોતાની કર્મભૂમિ બનાવી તેથી તેમના વિચારોનો પ્રભાવ ગુજરાતની પ્રજા પર હોય એ સ્વાભાવિક છે. ગાંધીજીની પ્રેરણાથી જ ગુજરાતમાં જે રચનાત્મક પ્રવૃતિઓ શરૂ કરવામાં આવી તેના કારણે ગુજરાતમાં રાજકીય, આર્થિક, ઓદ્યોગિક અને ધાર્મિક ક્ષેત્રે ક્રાંતિકારી પરિવર્તન આવ્યુ.9 અત્યારે તો સાબરમતી નદીને બાંધીને રિવરફ્રન્ટ બનાવવામાં આવ્યુ છે. આ આશ્રમ દેશ વિદેશનાં મુલાકાતીઓ માટે આકર્ષણનુ કેન્દ્ર રહ્યુ છે. ભારતમાં આવનાર મોટા ભાગનાં વિદેશી નેતાઓ ગુજરાત આવે છે ત્યારે અચુક સાબરમતી આશ્રમની મુલાકાત લઇ ને ચરખો કાંતીને ધન્યતા અનુભવે છે. ડિજીટલ યુગમાં સમયની સાથે કદમ મીલાવતા સાબરમતી આશ્રમની વેબસાઇટ 11 પણ ખુબજ સારી રીતે તૈયાર કરવામાં આવી છે. જેનો ઉપયોગ કરીને લોકો આશ્રમ વિશે માહિતી પ્રાપ્ત કરી શકે છે.

**પાદનોંધ:-**

1. ગાંધી મોહનદાસ કરમચંદ "સત્યના પ્રયોગો" અમદાવાદ, પુર્નમુદ્રણ, 2012, પૃ-344.
2. વ્યાસ રજની, "ગુજરાતની અસ્મિતા", અમદાવાદ, પાંચમી સંવર્ધિત આવૃતિ, 2012, પૃ-168.
3. ભાવસાર નિલય 'શાશ્વત ગાંધી' (સામાયિક), ઇ.સ. 2017, પૃ-37
4. એજન- પૃ -36
5. દેસાઇ નારાયણ, 'અગ્નિકુંડ મા ઉગેલું ગુલાબ', અમદાવાદ, પુનર મુદ્રણ 2009, પૃ.-90
6. 'ગાંધી આશ્રમ'ની રૂબરૂ મુલાકાત.
7 દેસાઇ નારાયણ, 'અગ્નિકુંડ મા ઉગેલું ગુલાબ', અમદાવાદ, પુનર મુદ્રણ, 2009, પૃ-.410
8. વ્યાસ રજની, "ગુજરાતની અસ્મિતા", અમદાવાદ, પાંચમી સંવર્ધિત આવૃતિ, 2012, પૃ-321
9. શાસ્ત્રી હરિપ્રસાદ ગં.,'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ', ગ્રંથ -9, અમદાવાદ, પ્રથમ આવૃતિ, ઇ.સ.1987, પૃ-.406.
10. 31 મે,1933ના સમયગાળા દરમિયાન એક માણસે કાગળ લખી સાબરમતી આશ્રમ નુ નામ 'હરિજન આશ્રમ 'રાખવા સૂચવ્યું હતું.
11. www.gandhiashramsabarmati.org